# <u>શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે કોવિડ-૧૯ તેમજ વેક્સિનેશન વિષય ઉપર ઓનલાઇન વ્યાખ્યાન યોજાયું.</u>

તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે આચાર્યશ્રી ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ એસ.આર.સી. ચેરમેન ડૉ. આર. જે. મકવાણા દ્વારા **<u>કોવિડ-૧૯ તેમજ વેક્સિનેશન વિષય ઉપર ઓનલાઇન વ્યાખ્યાન</u>** નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સદર કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત ૭૨ વ્યક્તિઓએ હાજરી આપેલ. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી દ્વારા તમામ ને કોવિડ-૧૯ વિશે સક્ષિપ્તમાં જાણકારી તેમજ સાવચેતીના પગલા વિશે માહિતી આપવામાં આવેલ હતી. ઉપરાંત દરેક વ્યક્તિએ પોતાના કુટુંબના તમામ સભ્યોનુ રસીકરણ થાય તે માટે જાગૃતિ લાવવા કામ કરવાની અપીલ કરેલ. વધુમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડો. કિરણ સિંઘલોટશ્રી, ચિફ મેડિકલ ઓફિસર, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા દ્વારા અપાયેલ ઓન-લાઇન વ્યાખ્યાનનો લાઇવ વિડિયો જોઇ તમામને કોવિડ-૧૯ વિશે સંપુર્ણ માહિતી, વાયરસના પ્રકાર, નિદાન, રક્ષણ તેમજ વેક્સિન વિશેની સંપુણ જાણકારી આપવામાં આવી હતી. અંતમાં એસ.આર.સી. ચેરમેનશ્રીએ સૌનો આભાર વ્યક્ત કર્યો.






